બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **"તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું." (૧/૬)** નિષ્કુળાનંદ સ્વામી - મહારાજને
એક વાર શ્રીજીમહારાજે સ્વામીને સ્ત્રીઓની સભામાં વાતો કરવા જવાનું કહ્યું. પણ સ્વામી ગયા નહિ. ત્યારે મહારાજે કહ્યું : 'મુનિ ! તમે અમારી આજ્ઞા નથી પાળતા તેથી વિમુખ કરવા પડશે.' ત્યારે સ્વામી કહે છે.

૨. **"લોયા ગામમાં ઘી-દૂધ કયાં મળે છે ?" (૨૫/૭૫)** દાદાખાચર - મહારાજને
સુરાખાચરે મહારાજને લોયા પધારવા વિનંતી કરી. તે સમે દાદાખાચરે પણ મહારાજને વિનંતી કરતાં કહ્યું :'મહારાજ ! લક્ષ્મીવાડીમાં રીંગણા બહુ સારાં થયાં છે. અમે જાતે તૈયાર કર્યાં છે. રીંગણા બહુ સમય રહેશે નહિ, માટે તે જમ્યા પછી બીજે જવાનું રાખો. ત્યારે કહે છે.

૩. **"આનું મહેનતાણું શું આપશો ?" (૧૧/૨૯)** વેશ્યાબાઈ (ગણિકા) - શ્રીજીમહારાજને.
જેતલપુરમાં યજ્ઞ માટે મહારાજ ઘરોઘર દળવા માટે ઘઉં આપતા હતા. મહારાજ ગણિકાના ઘર પાસે આવ્યા ત્યારે ગણિકા મહારાજને પૂછે છે તમે સૌને ઘઉં દળવા માટે આપો છો ? મહારાજે હા પાડી ત્યારે પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **અલૈયાખાચરે જેટલાને સત્સંગ કરાવ્યો હતો તેટલાને પાછા પાડ્યા. (૭/૨૦)**
એક વખત ઉન્મત ગંગામાં શ્રીજી મહારાજ સ્નાન કરતા હતા ને ડૂબકી દાવની રમત રમતા હતા. ત્યારે શ્રીજીમહારાજે અલૈયાને પાણીમાં ઉછાળી ફાંદ ઉપર વીંટેલી પછેડીની ગાંઠ પગને અંગૂઠે કરીને છોડી નાખી. મહારાજ દૂર જઈને નીકળ્યા. સૌ હસવા લાગ્યા. તેથી અલૈયા ખાચરને માનખંડન થયું એમ લાગવાથી શ્રીજીમહારાજ પ્રત્યે જેમ તેમ બોલવા લાગ્યા ને ક્રોધના આવેશમાં એ જ દશામાં મહારાજને છોડીને ચાલી નીકળ્યા. પછી જેટલાને સત્સંગ કરાવ્યો હતો. તેટલાને 'ગઢડે જશો નહિ, ત્યાં તો ભગવાન નથી પણ પૂરબિયો બ્રાહ્મણ છે.' એમ કહીને પાછા પાડ્યા.

૨. **બાબા સાહેબનું કટક ચાર ભક્તોનાં ખેતરમાં જઈ શક્યું નહીં. (૨૨/૬૭)**
ભાદરાના આઠ કણબી હરિભક્તો ઉપર મહારાજનો આજ્ઞાપત્ર આવ્યો કે 'આ પત્ર મળતાંની સાથે તમે ગઢપુર આવજો.' તે વખતે ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો હતો. લણવાનો જ બાકી હતો. ચાર હરિભક્તોએ પાક લણીને જવાનો વિચાર કર્યો ને બીજા ચાર હરિભક્તો પત્ર મળતાં જ ઊભો મોલ મહારાજના ભરોસે મૂકીને ગઢડા પહોંચી ગયા. મહારાજે તેઓને પંદર દિવસ રોક્યા. હંમેશા થાળની પ્રસાદી આપતા. કથાવાર્તા ને દર્શન-સમાગમનું સુખ લઈ તેઓ ભાદરા આવ્યા. જોયું તો ગામનાં બધાં ખેતરો ઉજ્જડ થઈ ગયાં હતાં. રોકાઈ ગયેલા ચાર હરિભક્તોએ રડતાં રડતાં તેઓને કહ્યું 'તમો ગયા પછી બીજે જ દિવસે બાબા સાહેબનું કટક આવ્યું ને તેમના ઘોડાઓએ ગામનાં બધાં ખેતરોમાંથી પાક સાફ કરી નાખ્યો. તમારા ચાર જણનાં ખેતરો અકબંધ છે. કોઈ દાખલ થવા જાય ને વીજળીનો ઝાટકો વાગે છે. ખેતરને કિનારે માણકી ઘોડીના ડાબલા પણ દેખાય છે. તમે આજ્ઞા પાળી તો મહારાજનાં દર્શન પણ થયાં અને પાક પણ સચવાયો. અમે આજ્ઞા લોપી તો બેય ખોયું.

૩. **બંધિયાના વાણિયાઓ અચંબો પામી ગયા. (૨૮/૮૫)**
બંધિયાના વાણિયા મહારાજને મળવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે પોતાના ભક્તરાજ ડોસાભાઈના ખબર પૂછયા. ત્યારે વાણિયા કહે અમે તો ગળા સુધી સંસારમાં બૂડેલા છીએ પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર વ્યવહારમાં ડુબેલા છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. તમારા સત્સંગી છે તેથી વખાણ કરો છો. ત્યારે મહારાજે કહ્યું : 'ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ?' વાણિયાઓએ વિચાર્યું કે હમણાં ડોસાભાઈએ ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે તેથી આવો લાભ છોડી સાધુ થશે નહિ. તેથી મહારાજને હા પાડી. મહારાજે તેમને લગ્ન પતી ગયા પછી પાછા વળતાં મળવાનું

કહ્યું. મહારાજે ભગુજીની સાથે ભગવાં વસ્ત્રો અને ચિઠ્ઠી ડોસાભાઈ પર મોકલ્યાં. ડોસાભાઈએ ભગુજીને જોઈ દંડવત્ કર્યાં ને મહારાજની આજ્ઞા પૂછી. મહારાજની ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં અને મહારાજ પાસે આવ્યા. આ બાજુ વાણિયાઓ પાછા વળતાં ગઢડે આવ્યા. મહારાજ પાસે સાધુના વેશમાં બેઠેલ ડોસાભાઈને જોઈને બંધિયાના વાણિયાઓ અચંબો પામી ગયા.

**૪. શ્રીજીમહારાજે સુરાખાચરને જતિ કહ્યા. (૨૫/૭૬, ૭૭)**

સુરા ખાચર બ્રહ્મચર્યવ્રત દૃઢપણે પાળતા હતા. કોઈ તેમને લેશ પણ ડગાવી શકે તેમ ન હતું. એકવાર જસદણ ઠાકોર સાહેબની વિનંતીથી તેઓ જસદણ આવ્યા. ઠાકોર સાહેબે તેમને સારો ઉતારો આપ્યો. સાંજે જ્યારે દરબાર વિખરાયા પછી સુરા ખાચર પોતાને ઉતારે આવી જમીને સૂઈ ગયા. ઠાકોર સાહેબે શ્રીજીમહારાજ પ્રત્યેના દ્વેષથી સુરાખાચરને ભ્રષ્ટ કરવાનો લાગ આવ્યો છે. તેમ વિચાર કરી રાત્રે બાર વાગ્યે એક વેશ્યા જેવી સ્ત્રીને શીખવાડીને સુરાખાચરને ઉતારે મોકલી. તેણે બારણું ખખડાવ્યું. સુરાભક્ત સફાળા જાગી ગયા અને એકદમ પૂછયું કોણ છે ? પેલી બાઈ કહે : ''આ ઘરમાં અમે રહીએ છીએ. મારા દીકરાને તાવ આવ્યો છે તેથી દવાની જરૂર પડી છે.'' એમ કહી બારણું ખોલવા કહ્યું. સુરા ભક્તે શંકાશીલ થઈને બારણું ઉઘાડ્યું અને બાઈ બારણું વાસી અંદર આવી અને સુરા ભક્ત સાથે પ્રેમચેષ્ટા કરવાનો પ્રયત્ન કરવા લાગી. સુરા ભક્ત પરિસ્થિતિ પામી ગયા. તલવાર પર હાથ દઈ જબરો હાકોટો કરી ઉઘાડી તલવારે તેને ડરાવતા દ્વાર ઉઘાડી બહાર આવ્યા. પછી ઘોડી બાંધી હતી ત્યાંથી સરક છોડી પલાણ માંડી વાયુવેગે નીકળીને ગઢપુર પહોંચ્યા. ત્યારે મહારાજે તેમને જોઈને સર્વે હરિભક્તોને કહ્યું 'આ અમારા જતિ આવ્યા.' આમ સુરા ભક્તને ભ્રષ્ટ કરવાનો ઠાકોરનો મનોરથ અધૂરો રહ્યો અને બ્રહ્મચર્ય વ્રતમાં સારધાર પાર ઊતર્યા. તેથી મહારાજે તેમને જતિ કહ્યા.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **અદ્‌ભુતાનંદ સ્વામી (૪/૧૧)** અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવન ખરેખર અદ્‌ભુત છે. તેમનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ હતું. તેમના માતાનું નામ દેવુબાઇ તથા પિતાનું નામ સંઘા પટેલ હતું. સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પાસે કડું ગામમાં કલ્યાણદાસનો જન્મ થયો હતો. કલ્યાણદાસ તથા તેમના કાકા રામાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા. શ્રીજીમહારાજનાં દર્શનનો યોગ સૌ પ્રથમ માંગરોળમાં રામાનંદ સ્વામીનાં અક્ષરધામગમન બાદ થયો. કલ્યાણદાસને મેથાણ ગામના તેમના મામા અજા પટેલ તરફથી સત્સંગનો વારસો મળ્યો હતો. પિતા સત્સંગી ન હતા. દેવુબાઇ સત્સંગ કરે તો સંઘા પટેલને ગમતું નહિ. છતાં પણ તેમણે તેમના પુત્રોમાં સંસ્કારનું સિંચન કરવામાં ખામી રાખી ન હતી. સમય આવતાં કલ્યાણદાસનું લગ્ન મેથાણ ગામે થયું. આ લગ્નવિધિ ધામધૂમપૂર્વક અજા પટેલની છત્રછાયામાં પૂર્ણ થવાની તૈયારીમાં હતી ત્યાં જ તેમને શ્રીજીમહારાજનો આજ્ઞાપત્ર ખેપિયા દ્વારા મળ્યો. 'માંચા, સુરા, સોમલા, અલૈયા, મૂળુ, નાજા માતરા આદિક ભક્તજનો સીમમાં હો, ઘરમાં હો, જ્યાં હો ત્યાંથી ખાવું પીવું પડતું મૂકીને ચાલી નીકળજો અમારું ગમતું છે.' મહારાજે બધાની ઉપાધિ પોતે ભોગવશું તેમ જણાવ્યું. આ પત્ર વાંચીને અજા પટેલ જવા તૈયાર થયાં. કલ્યાણદાસને આ ખબર પડી તેમણે મહારાજનો પત્ર માંગીને બે ત્રણ વખત વાંચ્યો અને તેમણે પણ મામાની સાથે જવાનું નક્કી કર્યું. અજા પટેલે કહ્યું ''પણ આમાં તમારું નામ ક્યાં છે ?'' તરત જ કલ્યાણદાસે કહ્યું આમાં છેલ્લે **'આદિ' શબ્દ** લખ્યો છે તેથી **તેમાં મારું નામ પણ આવી જાય છે.** ભાણેજનો અફર નિર્ણય જાણીને તેઓ કાંઇ બોલ્યા નહિ. શુભ પ્રસંગે આવી વિચિત્ર વાત સાંભળી સંબંધીઓ તથા સાસુ સસરાએ ખૂબ સમજાવ્યા પણ તેમણે જરાય મચક ન આપી અને મક્કમતાપૂર્વક કોઇને મળ્યા વિના જ સીધા લગ્નમંડપમાંથી મામા સાથે ચાલી નીકળ્યા અને મહારાજના આદેશ મુજબ જેતલપુર રામદાસ સ્વામીને મળીને સીધા ચાલીને ભુજ આવ્યા. શ્રીજીમહારાજે ગામ બહાર સૌનું સ્વાગત કરી નવા પરમહંસોને અતિશય હર્ષપૂર્વક બાથમાં લઇને ખૂબ ભેટ્યા. સૌની ખૂબ પ્રસંશા કરી પૂછયું 'આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં હતું ? તે કેમ આવ્યા છે ?' ત્યારે કલ્યાણદાસે કહ્યું 'હે મહારાજ ! આપે કાગળમાં **'આદિક ભક્તજનો'** એમ લખ્યું હતું તે **આદિકમાં હું ગણાઇ જાઉં'** જગતના નાશવંત સુખમાં ન રહેતાં મહારાજનું ગમતું કરવા આવેલ કલ્યાણદાસને ખરા ખપવાળા જાણી પાસે બોલાવી મીંઢળ છોડી નાખીને સાધુની દીક્ષા આપી. 'બીજા કોઈથી પણ ન થાય એવું અદ્‌ભુત કાર્ય તમે કર્યુ છે માટે તમારું નામ **અદ્‌ભુતાનંદ** પાડીએ છીએ.' એમ કહી મહારાજે તેમને આર્શીવાદ આપ્યા. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં પોતાના વતનનાં ગામ કડુમાં તથા સસરાના ગામ મેથાણમાં જઇને ભિક્ષા માગી આવ્યા અને આકરી કસોટીમાંથી પસાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આ અદ્‌ભુત કાર્યથી તેમનાં ધર્મપત્ની ખૂબ જ પ્રભાવિત થયાં અને જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુ ભક્તિમાં જીવન વીતાવ્યું. અદ્‌ભુતાનંદ સ્વામીના ભાઇ વજુભાઇ તેમને ઘેર તેડી જવાના આશયથી ગાડું જોડીને વરતાલ આવ્યા. સ્વામીશ્રીએ પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી અસરકારક વાતો કરી કે ઘેર ન ગયા અને ત્યાં જ દીક્ષા લીધી. તેમના બીજા ભાઇ તેડવા આવ્યા તેમને સંસાર સુખ અનિત્ય સમજી સાધુ થઈ ગયાં. અદ્‌ભુતાનંદ સ્વામીએ કચ્છ ગુજરાતના ઘણાં ગામોમાં ફરી સત્સંગ કરાવ્યો હતો. ધોલેરા મંદિરની મહંતાઇ લેવા કોઇ તૈયાર ન હતું ત્યારે તેમણે મહારાજની આજ્ઞા માથે ચડાવીને ધોલેરા મંદિરનાં મહંત થયા. ભાલ દેશના વારણા ગામનાં હરિભક્તોની પરિસ્થિતિ દુર્બળ હોવાથી, અદ્‌ભુતાનંદ સ્વામીએ ત્યાં ચમત્કારિક સંકટભંજન હનુમાનની મૂર્તિ પધરાવી.

૧૯૩૯માં શાસ્ત્રીજી મહારાજે દીક્ષા લીધી ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીની સેવાનો લાભ લીધો હતો. સંવત ૧૯૩૯માં તેઓ અક્ષરનિવાસી થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આવા અદ્‌ભુત જીવન પ્રસંગો ત્યાગી તેમજ ગૃહી સર્વ મુમુક્ષુઓ માટે અત્યંત પ્રેરણાદાયી છે.

**અથવા**

૨. **રામબાઈ (૨૪/૭૩)** ગુજરાતમાં મહેમદાવાદ પાસે કઠલાલ ગામનાં વતની બ્રાહ્મણ હરિભક્ત રામબાઈ આખા ગામમાં એકલા જ સત્સંગી હતાં. મહારાજ પ્રત્યે તેમને અનન્ય નિષ્ઠા હતી. તેઓ એક દિવસ કૂવે પાણી ખેંચી રહ્યાં હતાં. તે સમયે શ્રીજીમહારાજ સંતમંડળ સાથે ગામની ભાગોળેથી પસાર થયા. તેઓએ મહારાજ પાસે આવીને વિનંતી કરી કે હે મહારાજ ! આપ ગામમાં પધારી મારું ઘર પાવન કરો. આપનાં પુનિત પગલાંથી ગામમાં સત્સંગ વધશે. મહારાજ કહે, 'અમારે વરતાલ પહોંચવાની ઉતાવળ છે. માટે રાજી થઈને રજા આપો.' મહારાજની મરજી નથી તે જાણી તેઓ કાંઈ બોલ્યા નહિ. પોતાના ઈષ્ટદેવની મરજી પ્રમાણે જે વર્તે તે આદર્શ ભક્ત. તેથી રામબાઈએ માથેથી પાણીનું બેડું ઉતાર્યું. સર્વેને ભાવથી પાણી પાયું અને પછી કહ્યું, હે મહારાજ ! 'આ પાણીના ઘડામાં આપ પગ બોળો.' મહારાજે પૂછ્યું, 'આ પાણીનું તમે શું કરશો ?' રામબાઈએ કહ્યું, 'આ ચરણામૃત થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ. ગામમાં સત્સંગ નથી. તેથી જાણે અજાણે જે આ પાણી પીશે તે સત્સંગી થઈ આપનું ભજન કરશે.' મહારાજ તેમના ભક્તિભાવથી ખુશ થઈ ગયા. પ્રસન્ન થઈને પાણીના ઘડામાં પગ બોળ્યા. રામબાઈએ થોડું પાણી પીને બાકીનું કૂવામાં નાખ્યું. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાં અત્યારે પણ સત્સંગ જળવાઈ રહ્યો છે.

૩. **ઉપાસના (૨૩/૬૮)** શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે 'ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કદાપિ આજ્ઞામાં ફેર પડે તો પ્રાયશ્ચિત કરીને પણ શુદ્ધ થવાશે, પણ જો ઉપાસનામાં ફેર પડ્યો તો તે ખામી ભાંગશે નહિ. ઉપાસના એટલે શું? તો ઉપ+આસન, એટલે સમીપમાં આસન. ભગવાનની સમીપમાં રહેવું અર્થાત્ હંમેશા ભગવાનના સામીપ્યનો અનુભવ કરવો તેનું નામ ઉપાસના. ઉપાસના હંમેશોં અક્ષરરૂપ કે બ્રહ્મરૂપ થઈને કરવાની હોય છે. શ્રીજીમહારાજ વચનામૃત ગ.મ. ૩માં ઉપાસનાની રીત સમજાવતાં કહે છે : 'પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.' શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉપાસના તો હંમેશાં પરબ્રહ્મની જ કરવાની હોય છે. અર્થાત્ ઉપાસના હંમેશાં બે ચરણની જ છે. પરંતુ પરબ્રહ્મની આ ઉપાસના કરવા માટેનો આદર્શ અક્ષરબ્રહ્મ છે. તેથી જેવી રીતે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે, તેવી ઉપાસના તો આપણે જ્યારે અક્ષરરૂપ થઈએ ત્યારે જ કરી શકીએ. માટે અક્ષરરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી એ જ સિદ્ધાંત છે. પુરુષોત્તમ નારાયણ સદા દિવ્યગુણો યુક્ત, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, સર્વકર્તા અને સદા પ્રગટ સમજવા અને આવી સમજણ દ્વારા તેમનું સતત સાન્નિધ્ય અનુભવવું તેનું જ નામ ઉપાસના. શ્રીજીમહારાજ સર્વોપરી છે. તેઓ જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ - એ સર્વથી પર છે. તે સૌના સ્વામી છે. તેઓ એક જ સ્વતંત્ર છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા, મુક્તો, અને અક્ષરબ્રહ્મ પરબ્રહ્મને આધીન છે. તેઓ સર્વ કારણના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના આધાર છે અને અતિ સમર્થ છે. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. તેમની ઈચ્છા પ્રેરણાથી અવતારો વિરાટબ્રહ્મામાંથી ઉત્પન્ન થાય છે. તે સર્વ અવતારોમાં શ્રીજીમહારાજનો અનુપ્રવેશ હતો અને હોય છે. અક્ષરપર્યંત સર્વને પોતાનામાં લીન કરી નાખવાની શક્તિ તેઓ ધરાવે છે. પુરુષોત્તમ ભગવાન પોતાના દિવ્ય અક્ષરધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે અને મુમુક્ષુઓને સુખ આપે છે. અક્ષરધામમાં અનંત કોટિ મુક્તો અને અક્ષરબ્રહ્મ તેમનાં ચરણકમળની સેવામાં હોય છે. શ્રીજીમહારાજ સર્વજ્ઞ છે. અનંત કોટિ બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રમાં તથા ઈશ્વર, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મમાં અંતર્યામીપણે રહ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડનાં જીવ-પ્રાણીમાત્રની ક્રિયાને, પોતાના ધામમાં રહ્યા થકા તેઓ જાણે છે - હસ્તામલકવત્ પ્રત્યક્ષ દેખે છે. શ્રીજીમહારાજ સર્વકર્તા છે; કર્તું, અકર્તું અને અન્યથાકર્તું શક્તિ ધરાવે છે. તેમની ઈચ્છા વગર સૂકું પાંદડું પણ હલાવ્યું હલતું નથી. સર્વના કર્મફળપ્રદાતા પણ તેઓ જ છે. તેમની પ્રેરક શક્તિ વગર જીવ-પ્રાણીમાત્ર, ઈશ્વરો, માયા કે મુક્તો એ કોઈ કાંઈ કરવાને સમર્થ નથી. તેમની ઈચ્છાથી જ અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. શ્રીજીમહારાજ સદા દિવ્યમૂર્તિ છે. તેમની મૂર્તિ જેવી અક્ષરધામમાં અનંત ઐશ્વર્ય, શક્તિ અને દિવ્યગુણ સંપન્ન છે, તેવી ને તેવી જ અહીં પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પણ દિવ્ય અને અનંત શક્તિ તથા ઐશ્વર્યે યુક્ત છે. ધામની મૂર્તિ અને અહીં પ્રત્યક્ષ વિચરતી મૂર્તિમાં કાંઈ ભેદ નથી. તેમની મૂર્તિને વિષે સાકરના નારિયેળની પેઠે ત્યાગભાવ સમજવો નહીં. અહીં પૃથ્વી પર તેમની મૂર્તિને વિષે જે કાંઈ દેહભાવ જેવું જણાય છે તે તો નટ(જાદુગર)ની માયાની પેઠે છે. ભગવાન પુરુષોત્તમ નારાયણ જીવના કલ્યાણને અર્થે જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે. એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (વચ.ગ.પ્ર. ૭૧) આમ, શ્રીજીમહારાજે અક્ષરની સાથે જ પોતાનું સ્વરૂપ સમજવાનું છે એમ નિર્દેશ કર્યો છે અને એ રીતે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવી એ જ સાચી અને શુદ્ધ ઉપાસના છે, તે સમજાવ્યું છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. જેમ પરબ્રહ્મ એક અને અદ્વિતીય (અજોડ) છે, તેમ અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. અક્ષરબ્રહ્મ સત્, ચિદ્, આનંદ છે. તે અનાદિ અને નિત્ય છે. અક્ષરબ્રહ્મ પણ સર્વ માયિક અને પ્રાકૃત ગુણથી રહિત અને દિવ્ય ગુણોએ યુક્ત છે. તેથી અક્ષરબ્રહ્મ પણ નિર્ગુણ છે. અક્ષરબ્રહ્મ, એ પોતાના સંબંધમાં જે કોઈ આવે તેને પણ નિર્ગુણ કરી નાખે છે. અક્ષરબ્રહ્મ એ જીવ, ઈશ્વર અને માયાના કારણ છે (અહીં કારણ એટલે ઉત્પત્તિ સર્ગમાં વિરામ પામેલા, તેમની દૃષ્ટિથી પાછા ઉત્પન્ન થયા છે તેમ સમજવું) અને તેમના આધાર છે. તે અખંડ અને અવિનાશી છે, કાળ, માયાથી પર છે. અક્ષરબ્રહ્મ નિરંશ, નિર્વિકારી અને કૂટસ્થ (સ્થિર) છે. ત્રણે ગુણોથી પર - ગુણાતીત છે. આ જ અક્ષરબ્રહ્મ દિવ્યપુરુષાકારે વળી મૂર્તિમાન થકા અખંડ પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો ભગવાનના ઉત્તમ ભક્ત છે અને મુમુક્ષુઓ માટે ભક્તિ-ઉપાસનાનો આદર્શ છે. પુરુષોત્તમ ભગવાન જેવા અક્ષરમાં રહ્યા છે તેવા

પ્રકૃતિપુરુષ, મુક્ત્યપર્યંત કોઈમાં રહ્યા નથી. અક્ષરબ્રહ્મ સેવકરૂપે પોતાના સ્વામી જે પુરુષોત્તમ નારાયણ તેની સેવામાં અખંડ રહે છે. પુરુષોત્તમ અને અક્ષર વચ્ચે કાયમનો સ્વામી-સેવકભાવે અપૃથક્ સંબંધ છે. અક્ષરબ્રહ્મ શરીર છે અને પુરુષોત્તમ શરીરી છે. જ્યારે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો પ્રગટ સંગ મળે, ત્યારે તેના સંગે કરીને જીવ બ્રહ્મરૂપ થાય છે. વચ.કારિ.૧ પ્રમાણે જેમ ભમરીને સંગે જ ઈયળ ભમરી થાય છે, તેમ પ્રગટ અક્ષરબ્રહ્મના સંબંધે જ આ જીવ બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસનાનો અધિકારી બને છે. ત્યારે જ નિર્વિકલ્પ નિશ્ચયની સ્થિતિ થાય છે, ત્યારે જ આત્યંતિક મોક્ષ થાય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી કલ્યાણનું દ્વાર બંધ થયું નથી. સ્વામીએ વાતોમાં કહ્યું છે : 'હું તો ચિરંજીવ છું.' અર્થાત્ અનાદિ અક્ષરબ્રહ્મ પરમ એકાંતિક - પરમ ભાગવત સંતરૂપે આ પૃથ્વી પર સદા પ્રગટ વિચરતા હોય છે. શ્રીજીમહારાજ કહે છે : એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા સર્વ ક્રિયા કરનાર ભગવાન છે, 'આવા સંત તે સ્વયં હરિ છે.' આવા સાધુનો સંગ કરવો એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતી દેહે જ પામ્યો છે. અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા તુલ્ય ફળ થાય છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો જે કોઈ મુમુક્ષુ મન-કર્મ-વચને સંગ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તે જીવ નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થઈ જાય છે. અને છતી દેહે પરમપદ જે મોક્ષ તેને પામે છે. આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યા પછી શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે એ હેતુથી ગુણાતીત સંત દ્વારા સદા પ્રગટ છે. વચનામૃત પંચાળા-૭ પ્રમાણે આ પૃથ્વી પરથી ભગવાન કદી અંતર્ધાન થયા જ નથી. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ હતા. ત્યાર બાદ ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા પ્રગટ છે. આપણી ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ (પરબ્રહ્મ), ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ. અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીજીમહારાજ સદા પ્રગટ રહી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરે છે. એ મોક્ષનું દ્વાર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ આજે મોક્ષનું દ્વાર છે. **અથવા**

૪. **મહિમા (૩૦/૮૯)** શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. સર્વ દોષે રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી, સર્વના સ્વામી, સર્વના આધાર અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથેનો દૃઢ નિશ્ચય કરવો તે પુરુષોત્તમ નારાયણનો દૃઢ મહિમા કહેવાય. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે. માયા, ઈશ્વરો અને જીવોથી પર છે. સર્વ જગતના કારણ આધાર અને દોષે રહિત છે. ભક્તિનો આદર્શ છે. અક્ષરબ્રહ્મરૂપે થઈએ ત્યારે જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય અને સેવામાં રહેવાય તેવો મહિમા સમજવો. પોતાને મળ્યા જે પરમ એકાંતિક સંતના સ્વરૂપ દ્વારા જ મહારાજ પૃથ્વી ઉપર વિચરણ કરી મુમુક્ષુઓને સુખ દઈ કલ્યાણ કરી રહ્યા છે. તેમનામાં નખશિખા મહારાજ સમ્યક્ પ્રકારે રહ્યા છે. અણુમાત્ર છેટા થતા નથી. તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયારહિત સમજવું. જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો આવો મહિમા સમજવો. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો મહિમા ભગવાનના ભક્તનો સમજવો. મહિમા સમજવાથી વેર ન બંધાય, સમગ્ર સત્સંગ દિવ્ય ભાસે, સંપ, સુહૃદયભાવ એકતાના ભાવે વર્તે, ધર્મમર્યાદા લોપાય નહિ, બીજા કરતાં અધિક વર્તે, ક્યારેય ધર્મમાંથી પડે નહિ, પોતાને કૃતાર્થ અને પૂર્ણકામ માને, મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કૃપાનંદ સ્વામી કેવી રીતે શ્રીજીમહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા ? (૧૭/૫૪)

જ. કૃપાનંદ સ્વામી સમાધિ વિના પણ સ્મૃતિથી, ધ્યાનથી, જ્ઞાનથી શ્રીજીમહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા.

૨. કયા બે વચનામૃતમાં શ્રીજીમહારાજે સોમલાખાચરને વખાણ્યા છે ? (૧૦/૨૯)

જ. કારિયાણી : ૬ અને ગ. અં. ૨૪ નો વચનામૃતમાં શ્રીજીમહારાજે સોમલાખાચરને વખાણ્યા છે.

૩. મગનભાઈને કોના યોગથી સત્સંગ થયો ? (૩૩/૯૫)

જ. મગનભાઈને હરમાનભાઈના યોગથી સત્સંગ થયો.

૪. તીર્થના કેટલા પ્રકારો છે ? કયા કયા ? (૮/૨૨-૨૩)

જ. તીર્થના ત્રણ પ્રકારો છે. નિત્ય તીર્થ, ભગવદીય તીર્થ, સંત તીર્થ.

૫. શ્રીજીમહારાજે કૃષ્ણજીનું શું નામ પાડ્યું અને તેમને ક્યાંના મહંત કર્યા ? (૨૯/૮૯)

જ. શ્રીજીમહારાજે કૃષ્ણજીનું નામ સર્વજ્ઞાનંદ સ્વામી પાડ્યું અને તેમને અમદાવાદના મહંત કર્યા.

૬. આપણા માટે મુખ્ય આજ્ઞા કઈ છે ? (૨૨/૬૮)

જ. આપણા માટે મુખ્ય આજ્ઞા 'निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ' એ છે.

**પ્ર.૫** 'ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪' (૧૮/૫૭) **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ :-** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત જે ધર્મ તેને એકાંતિક ધર્મ કહે છે અથવા ભાગવતધર્મ પણ કહે છે. આવો જે ભાગવતધર્મ તે હંમેશા પૃથ્વી પર ભગવાનને આશરીને રહેલો હોય છે. જ્યારે યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી ધર્મ કોને શરણે રહ્યો ? શ્રીમદ્‌ભાગવતમાં આ સંવાદ ચાલી રહ્યો છે તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે આ ભાગવત ધર્મનું પોષણ કેમ થાય છે ? અર્થાત્ ભાગવતધર્મ તે પૃથ્વી પર અખંડ કેવી રીતે પ્રગટ રહે ? અને બીજો પ્રશ્ન પૂછ્યો કે 'જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?' ત્યારે શ્રીજીમહારાજે જવાબ આપતાં કહ્યું કે 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા પરમ એકાંતિક સંત તેને આશરીને ભાગવતધર્મ રહે છે. માટે એવા સાધુના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. સાક્ષાત્ ભગવાનના સંગથી અથવા તદ્‌વદ્‌ભાવને પામેલા આવા ભક્ત-પરમ એકાંતિક સંતના પ્રસંગ થકી જ ભાગવતધર્મ મુમુક્ષુ જીવો પામી શકે - બીજો કોઈ ઉપાય નથી. આ ભાગવત ધર્મને પામવો અર્થાત્ સિદ્ધ કરવો એ મોક્ષનું દ્વાર ઉઘાડું કર્યા બરોબર છે. આવા ભાગવતધર્મના અધિકારી નિર્મત્સર સંતના પ્રસંગ થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. આખું ભાગવત જેને કંઠસ્થ હતું એવા દીનાનાથ ભટ્ટને 'મોક્ષનો શ્લોક કયો ?' એ પ્રશ્ન શ્રીજીમહારાજે પૂછ્યો. તેઓ કહી શક્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજે તેમને 'પ્રસંગમજરમ્...' આ શ્લોક કહી બતાવ્યો. પ્રસંગ એટલે શું ? જેવો આ જીવને પોતાના દેહની સાથે તથા સગાંસંબંધી સાથે છે તેવો પ્રસંગ અર્થાત્ આત્મબુદ્ધિ આવા પરમ એકાંતિક સંત સાથે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. કારણ સાચા સંત હોય તે ભગવાનમાં જ જોડે છે. પણ કદાપિ પોતામાં જોડતા નથી. બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે જણાવ્યું કે જેને પરમેશ્વરના વચનની ખટક હોય અર્થાત્ આજ્ઞા પાળવાનો ઈશક છે તે કદાપિ ધર્મમાંથી પડે નહિ તેમ જાણવું પણ આજ્ઞા પાળવામાં દૃઢતા નથી તો તેનો ધર્મ પણ દૃઢ નહિ રહે તથા સત્સંગ પણ દૃઢ નહિ રહે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય : રાજાભાઈ (૧૯/૫૮)   જ. ૨, ૪, ૬, ૯, ૧૦.**

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. આવો મારા મોહન મીઠડા લાલ કે જોઉં તારી મૂરતિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ વિસારું નહિ ઉરથી રે લોલ,
મન મારું મોહ્યું મોહનલાલ પાઘડલીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસુ છેલ ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ; (૨૧/૬૩)

૨. વહાલા તારા નખની અરુણતા જોઈને શશીકળા ક્ષીણ છે રે લોલ,
વહાલા રસચોર ચકોર જે ભક્ત જોવાને પ્રવીણ છે રેલોલ.
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી દેજો દાન દાસને રે લોલ. (૨૧/૬૫)

૩. મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી.
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ. (૨૬/૭૭)

૪. જયસિ કમલાપતિ જયસિ નૈષ્ઠિક જતિ, જયસિ ત્વં ભજત પુરુષ અકામી
જયસિ પરમેશ્વર ! તવ ચરણ શરણ મેં, આયો પ્રેમાનંદ ગરુડગામી. (૨/૯)

**પ્ર.૮ નીચે આપેલા જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ૐ શ્રી કૃષ્ણાય નમઃ, ૐ શ્રી વાસુદેવાય નમઃ, ૐ શ્રી નરનારાયણાય નમઃ, ૐ શ્રી પ્રભવે નમઃ,
ૐ શ્રી ભકિતધર્માત્મજાય નમઃ, ૐ શ્રી અજન્મને નમઃ, ૐ શ્રી કૃષ્ણાય નમઃ, ૐ શ્રી નારાયણાય નમઃ (૧૫/૪૬)

૨. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति क काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ (૩૨/૯૨)

૩. **ગુજરાતી ભાષાંતર :** સદ્‌ગ્રંથોનાં વાચન ને શ્રવણ કરવામાં જે આસક્ત છે, સંતની સભામાં જે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપે છે અને સંસારની જાળમાં ફસાયેલા જીવોના જે બંધુ - તારણહાર છે, તે ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૭)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **"જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન પેટમાં ભરે છે." (૧૧/૨૬)** મહારાજ - બ્રહ્માનંદ સ્વામીને
એકવાર મહારાજે અઢાર સદ્‌ગુરુઓને ગોવાળ મંડળીની જેમ બેસાડી જાતે પીરસતી વખતે સંતોને કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ જમતાં શીખો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'સાધુ જમનારા સારા છે.' ત્યારે મહારાજ કહે છે.

૨. **''અમારો પગ કાઢો નહિ તો ભાંગી જશે.''** (૧૫/૩૦) મહારાજ - બ્રહ્માનંદ સ્વામીને
ઘેલામાં સ્નાન કરવા જતાં સ્વામીનો એક પગ ખળખળિયાની ભેખડમાં ભરાઈ ગયો. તે નીકળે તેમ ન હતો. ત્યારે મહારાજે દર્શન દઈને સ્વામીને ધીરેથી પગ કાઢવાનું કહ્યું. પ્રસંગ વગરની વાત સાંભળીને બ્રહ્માનંદ સ્વામીએ કારણ પૂછ્યું. ત્યાં મહારાજ ફરી આ વાક્ય કહે છે.

૩. **''મોટા તો એક ખુદાતાલા છે.''** (૪૩/૬૯) ગુણાતીતાનંદ સ્વામી - મુસલમાનોને
સંઘના મોટેરાને મારી નાખીએ તો હિન્દુઓ તેનું ભજન કરતાં બંધ થાય તેવા દુરાશયથી મુસલમાનોએ સ્વામીને પૂછ્યું 'તમે મોટેરા છો ને ? ત્યારે સ્વામીશ્રી કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **મૂળજી ભક્ત પહેરેલાં કપડે ચાલી નીકળ્યા. (૫/૧૫)**
સંવત ૧૮૮૬ના કારતક સુદ પૂનમના દિવસે મૂળજી ભક્ત શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. સંસારત્યાગ માટે મહારાજની આજ્ઞા ક્યારે મળશે તેનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં અચાનક શ્રીજીમહારાજે અંતરીક્ષમાં પ્રત્યક્ષ દર્શન દીધાં. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું. માથે દક્ષિણી પાઘ મૂકી હતી. મહારાજે મૂળજી ભક્તને કહ્યું : 'આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ સુકાઈ ગયું છે, હવે ચાલી નીકળો.' ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, ત્યાં ને ત્યાં જ સઘળું કામ પડતું મૂકી, ઘેર પણ ન જતાં, પહેરેલાં કપડે મૂળજી ભક્ત સીધા ગઢડાને રસ્તે મહારાજને મળવા ચાલી નીકળ્યા. મહારાજ પાસે આવી દીક્ષા ગ્રહણ કરી, સેવામાં રહેવા દેવાની યાચના કરી.

૨. **ગુણાતીતાનંદ સ્વામી દેહને પુષ્ટ થવા દેતા ન હતા. (૧૬/૩૧)**
સ્વામીને દેહનો દૃઢ અનાદર હતો એટલે પોતાના દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. જે મંડળમાં ગામડે જાય, તે મંડળ માટે ગામોગામ પોતે ઝોળી માગવા જતા. ભિક્ષામાં જે કાંઈ અન્ન મળે તેમાંથી મંડળના મોટેરા સદ્‌ગુરુ અને બીજા સાધુઓને પહેલાં પોતે જમાડતા. છેલ્લે જે બાકી રહેતું તે પોતે જમતા. કોઈ કોઈ વખત ભૂખ્યા પણ રહેવું પડે. પણ પોતે કોઈને જણાવા દે નહિ. આમ તો પોતે સદા અર્ધી ભૂખ તો વેઠતા જ. વળી, પોતે કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા. કદાચ શરીર સહેજ પણ પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાખતા.

૩. **શાંતાનંદ સ્વામીને એકવાર ભેટતાં શ્રીજીમહારાજને કઠણ પડ્યું. (૯/૨૪)**
મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી સુરતથી વાંસ, આદુ અને તીખાનું અથાણું તથા સતી ગીતાનું પુસ્તક, એક સુંદર સાદડી, બરફીની માટલી વગેરે લઈને મહારાજ પાસે ગઢડા જવા તૈયાર થયા ત્યારે શાંતાનંદ સ્વામી પરાણે સાથે જવા તૈયાર થતાં કહ્યું, 'તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ.' કારિયાણીમાં મહારાજ અથાણું અને પુસ્તક લઈને આવેલા સ્વામીને બાવીસ વાર ભેટ્યા અને શાંતાનંદ સ્વામીને ભેટતાં બોલ્યા, 'સ્વામીને બાવીસ વાર મળતાં કઠણ નથી પડ્યું, તેટલું આ એકવાર મળતાં કઠણ પડે છે. કારણ તમે આજ્ઞા વગર આવ્યા છો.' **(નોંધ : અહીં મુદ્દો જ આપ્યો છે.)**

૪. **નાગર ભક્તનો રસાસ્વાદ ટળી ગયો. (૩૮/૬૪)**
નાગરભક્તને રસાસ્વાદ બહુ હતો. તેથી ઘરમાં ઘણો ક્લેશ કરતા. ઘરના માણસોએ કંટાળીને સ્વામીને ફરીયાદ કરી. તેઓ મંદિરે આવે પરંતુ કથામાં બેસતા નહિ. એક દિવસ સ્વામીએ તેમને કથામાં બેસાડ્યા. સ્વામીની દૃષ્ટિથી જ તેના અંતરનાં કમાડ ખૂલી ગયાં ને સ્વામીની વાતોથી વિષયનાં શૈલ્ય નીકળવા લાગ્યાં. વાસુદેવ હરે થતાં સ્વામી ભંડારમાં જમવા પધાર્યા. નાગર હરિભક્ત પણ તેમની પાછળ ભંડારમાં ગયા અને વિચારવા લાગ્યા કે આવડા મોટા મંદિરના મહંત મેવા મીઠાઈઓ જમતા હશે. ભંડારી સાધુએ સ્વામીના પત્તરમાં ભૂકા જેવું પીરસ્યું તે જોઈને તેને થયું કે ચૂરમું હશે અને હવે ઘી અને ખાંડ આવશે પછી દૂધ જેવું પ્રવાહી જોતાં તેને થયું દૂધપાક હશે ! સ્વામી સંકલ્પ જાણી ગયા તેથી પત્તરમાં પાણી અને થોડું જીરું મીઠું નાંખ્યું. એ જોઈ તેનો ભ્રમ ભાંગી ગયો. સ્વામીએ કહ્યું, 'અમે તો રોટલાનો ખૂરમા અને છાશ જમીએ છીએ.' એ જોઈ તેને સ્વામીનો બહુ ગુણ આવ્યો ને વિચારમાં ને વિચારમાં ઘરે પહોંચી ચૂપચાપ જમી લીધું, એ દિવસથી તેને અંતર્દૃષ્ટિ થઈ ને તેનો રસાસ્વાદ નીકળી ગયો.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **ક્ષમાશીલ (૧૩/૨૮)** કૃપાનંદ સ્વામી સાથે ગુણાતીતાનંદ સ્વામી અને સંતો વિચરણ કરતા કરતા જૂના સાવર ગામે આવી પહોંચ્યા. આ ગામનો ધણી ઉગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો ખૂબ દ્વેષ કરતો હતો. ગુણાતીતાનંદ સ્વામી અને સંતો ગામમાં ઝોળી માંગવા નીકળ્યા. ઉગા ખુમાણને કોઈએ જણાવ્યું કે સ્વામિનારાયણના મુંડિયા આવ્યા છે. તેણે તરત જ પોતાના માણસો દ્વારા સંતોને ગામ બહાર કઢાવ્યા. ઠાકોરે પોતાના નોકરો તેમજ છોકરાઓ પાસે સંતો પર ધૂળ, કાંકરા, છાણ વગેરે નંખાવ્યું. માર પણ મરાવ્યો. છતાં સંતો કાંઈ પણ બોલ્યા નહિ તેમજ ખરાબ વિચાર પણ કર્યો નહિ. ગામ બહાર નદીકાંઠે આવીને બેઠા. ત્યાં ગામના માણસો દ્વારા થતી વાત સાંભળી કે દરબાર આવો નિર્દય છે. સાધુઓનું અપમાન કરે છે તેથી ભગવાન દીકરો ક્યાંથી આપે ? આ સાંભળી સ્વામીને વિચાર આવ્યો કે દરબારનો દ્વેષ અણસમજણનો છે તેથી આપણે એવો સંકલ્પ કરીએ કે તેને ઘરે દીકરો થાય, તે સત્સંગી થાય અને આપણને ઉતારો આપે. બધાએ આ વિચાર ઉપાડી લીધો અને સૌએ ભેગા મળી શુભ સંકલ્પ કર્યો.

૨. **વેદાંતીઓનો પરાજય (૧૮/૩૩)** મહેમદાવાદના હરિભક્તોની મહારાજને વિનંતી - ગામમાં વેદાંતીઓનું જોર - સત્સંગીઓને વેદાંતીઓ પાછા પાડે - કોઈ વિદ્વાન સંત આવે તો સત્સંગ વધે - મહારાજની વિદ્વાન સંતોને પૃચ્છા - કોઈ તૈયાર નહિ - છેવટે સ્વામીને આજ્ઞા - શુષ્ક વેદાંતીઓ મિથ્યાભિમાનમાં રાચતા સ્વામીને માત કરવા સભામાં - મોટી સભા - સ્વામીએ કહ્યું અહં બ્રહ્માસ્મિ કહો છો પણ બ્રહ્મ કે પરબ્રહ્મને ઓળખ્યા છે ? શુકજીમાં બ્રહ્મની વ્યાપક શક્તિ - વ્યાસજીએ બોલાવ્યા તો વૃક્ષમાં રહીને જવાબ - હજી તમારામાં સંસારની, લોલુપતા, અહંભાવ છે, અહં મમત્ત્વ છે, સ્વાદ છે. આ બધા ભાવો જશે તો અહં બ્રહ્માસ્મિ કહેવું નહિ પડે - જગત એની મેળે જાણશે. - દંભ છોડીને બ્રહ્મ થવું હોય તો હું તમને પરબ્રહ્મ મેળવી આપું - સ્વામિનારાયણ પરબ્રહ્મ, પરમાત્મા - તેમનો આશ્રય લીધા વિના બ્રહ્મભાવ પમાશે નહિ - હું અનાદિ બ્રહ્મ છું - અનંતકોટિ બ્રહ્માંડોને ધારી રહ્યો છું - સ્વામીના શરીરમાંથી અતિશય તેજ - બધા ડરી ગયા - સ્વામી બેઠા હતા તે મકાનમાં ચૈતન્ય આવ્યું ને હલવા લાગ્યું - પંડિતો મકાન પડશે તેમ બીવા લાગ્યા - સ્વામી કહે ડરશો નહિ - મકાન નહિ પડે પણ તમે બ્રહ્મ હો તો આ તેજને સમાવી દો - સ્વામીથી બધા માત થઈ ગયા અને બોલ્યા 'તમે બ્રહ્મ ખરા.' - સ્વામી કહે અમે બ્રહ્મ તો ખરા પણ પરબ્રહ્મ સ્વામિનારાયણ છે. તેમનાં દર્શને ચાલો - સ્વામીના અલૌકિક પ્રતાપથી સૌ સ્વામીના શિષ્ય થઈ ગયા - સૌને ખાતરી થઈ કે સ્વામિનારાયણના ત્યાગીઓમાં પણ આવી દિવ્ય વિભૂતિ છે.

૩. **'મારું કહ્યું એક જોગી ફેરવી શકે !' (૨૮/૪૮)** ગુણાતીતાનંદ સ્વામીએ એક દિવસ પાર્ષદોને ડુંગરામાં જઈ લીલું ઘાસ કાપી લાવવા કહ્યું પાર્ષદો દાતરડાં વગેરે લઈને જતા હતા ત્યાં સામે ગોપાળાનંદ સ્વામી મળ્યા. આકાશ સામે જોઈને તેમણે કહ્યું કે ભેંસલા ડુંગર પર વાદળ ખૂબ ઘેરાયા છે તેથી ખૂબ વરસાદ થશે માટે જશો નહિ. પાર્ષદો આ સાંભળી પાછા વળ્યા ત્યાં સ્વામી મળ્યા. સ્વામીએ પાછા ફરવાનું કારણ જાણ્યું. ત્યારે જણાવ્યું કે ઠાકોરજીને ગાયનું દૂધ જ ભાવે છે અને લીલું ઘાસ ખાધા વગર ગાયો દૂધ ક્યાંથી આપશે ? માટે જાઓ વરસાદ હમણાં નહિ પડે પછી પડશે. પાર્ષદો ગયા અને થોડીવારે ઘાસ લઈને પાછા આવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે ના પાડી હતી ને કેમ ગયા ? પાર્ષદો દ્વારા સ્વામીએ કરેલ આજ્ઞાની વાત જ્યારે ગોપાળાનંદ સ્વામીએ જાણી ત્યારે હસ્યા અને પછી માથું હલાવતાં બોલ્યા, 'અહો! આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે.' એમ કહી સભામાં પધાર્યા. તે પછી જ મૂશળધાર વરસાદ પડ્યો. આમ, ગોપાળાનંદ સ્વામી સર્મથ સંત હતા, છતાં પણ ગુણાતીતાનંદ સ્વામી આવા સમર્થ સંતનું કહ્યું પણ ફેરવી શકતા.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (૧/૨)

જ. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ભાદરામાં સંવત ૧૮૪૧ના આસો સુદ પૂનમે (શરદ પૂનમે) થયો હતો.

૨. મૂળજી ભક્ત અને નીલકંઠવર્ણીનું પ્રથમ મિલન ક્યાં થયું ? (૩/૭)

જ. મૂળજી ભક્ત અને નીલકંઠવર્ણીનું પ્રથમ મિલન પીપલાણામાં થયું.

૩. શ્રીજીમહારાજે કુરજી દવેને શું આપ્યું ? (૨૫/૪૩)

જ. શ્રીજીમહારાજે કુરજી દવેને ગુણાતીતાનંદ સ્વામી જે મહારાજનું અક્ષરધામ છે તે આપ્યું.

૪. ધરમપુર જતાં ગુણાતીતાનંદ સ્વામીએ કોની સેવા કરી ? (૧૭/૩૨)

જ. ધરમપુર જતાં ગુણાતીતાનંદ સ્વામીએ દેવાનંદ સ્વામીની સેવા કરી.

૫. અંતિમ સમયે જૂનાગઢથી નીકળતાં ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું ? (૫૦/૮૦)

જ. 'શ્રીજીમહારાજે આ મંદિર સોપ્યું ત્યારથી ચાલીસ વર્ષ, ચાર માસ અને ચાર દિવસ સાચવીને રહ્યા અને હવે સત્સંગમાં ફરીશું અને મહુવે જઈને રહીશું.

૬. શ્રીજીમહારાજની મૂર્તિને ગુણાતીતાનંદ સ્વામી કેવી રીતે ઝાલી રાખતા ? (૨૧/૩૯)

જ. શ્રીજીમહારાજની મૂર્તિને ગુણાતીતાનંદ સ્વામી 'જેમ સાણસામાં સાપ પકડે તેમ મહારાજની મૂર્તિને ત્રણેય અવસ્થામાં ઝાલી રાખતા.'

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **રંકમાંથી રાય (૩૭/૬૨)**

શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા - ઠંડીનો ચમકારો - સ્વામીને ખૂબ ઠંડી લાગી - તેથી તાપવાની ઈચ્છા - થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠો હતો - ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી - બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યાં. ફકીરની દુઆ મેળવવાની ઈચ્છા - સ્વામી રાજી, હવે તેને લાકડાં, કાપવા નહિ પડે. સ્વામી મંદિરે પરત - આ કઠિયારો બાઉદ્દીન - તેની બહેન સાથે બજારમાં - નવાબની સવારી - બહેનનું રૂપ જોઈ નિકાહ પઢવાની ઈચ્છા - દરબારમાં બોલાવી વાત કરી - માની સંમતિથી બાઉદ્દીને નવાબ સાથે બહેનને પરણાવી - નવાબના ખાનગી કારભારી અને દીવાન બન્યા - સ્વામીના આર્શીવાદથી જ પોતાની ઉન્નતિ - તેનો ખ્યાલ - મંદિરે દર્શને આવતા - રસોઈ આપતા - સંતોની સેવા કરતા.

**ભાવાર્થઃ-** સ્વામી જેવા પુરુષના આશીર્વાદથી ભાગ્ય પણ ફરી જાય. ઉન્નતિ થાય. બાઉદ્દીનને તેનો ખ્યાલ હંમેશા રાખેલો. તેઓ મંદિરે આવતા અને સેવા કરતા તેમ આપણે ગમે તેટલી ઊંચી જગ્યાએ પહોંચીએ પણ ભગવાન અને સંતને ન ભૂલવા જોઈએ.

**૨. 'આ અમારા તિલક' (૧૪/૨૯)**

પંચાળામાં ભક્તરાજ ઝીણાભાઈના દરબારમાં એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડા આપ્યા અને સંતોને તિલક કરવા આજ્ઞા કરી. બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઇ સંતોના કપાળમાં તિલક નહોતા મહારાજે આનું કારણ પુછયું ત્યારે સંતોએ કહ્યું કે તિલક શાનાથી કરવું ? કારણ કે આગલા દિવસે આપેલા માટીના ખડા સૌ મહારાજની પ્રસાદી જાણીને ખાઇ ગયા હતા. તેથી સૌ ભોંઠા પડી ગયા. મહારાજે ફરીથી સૌને ખડા આપાવ્યા. બીજે દિવસે સૌ ભેંસભડકામણા તિલક કરીને આવ્યા. આ જોઇ મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન પ્યારા સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભહસ્તે સુંદર મજાનું તિલક અને તેની મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું 'જુઓ, અમારા તિલક.' વળી આગળ વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા 'હું જેવો કોઇ ભગવાન નથી, આ જેવા કોઇ સાધુ નથી.' **ભાવાર્થઃ-** આમ મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરુપની અદ્વિતીયતા અને સ્વામીના અક્ષર સ્વરૂપની વિશિષ્ટતા કહેતા અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનારાયણ એક જ અને અદ્વિતીય છે તે પ્રતિપાદન કર્યું. જેને મહિમા હતો તેવા સંતો જ મહારાજના આ સૈદ્ધાંતિક શબ્દોનું રહસ્ય સમજી શકયા.

**૩. ભાદરામાં મહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા (૪/૧૧)**

મૂળજીનાં માતાને મહારાજ કહે છે : 'તમારા પુત્ર તો મૂળજી તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તમારા ગર્ભમાં આવ્યા ત્યારે અને ગર્ભમાં આવ્યા પહેલાં પણ મૂળજી અમને અખંડ દેખતા. તે અમારી સાથે બંધાયા છે અને અમે તેમની સાથે સતત બંધાઈ રહ્યા છીએ. મૂળજી તો એટલા મોટા છે કે દસ અવતારો અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જે એક બ્રહ્માંડમાં રહ્યા છે તેવા અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. તે પ્રકૃતિપુરુષથી પર છે, સચ્ચિદાનંદ રૂપ છે, સર્વત્ર વ્યાપક છે અને સર્વના કારણ અને આધાર છે. અમે તેમના વગર ક્ષણ પણ રહી શકતા નથી. જીવ, ઈશ્વરથી લઈને સર્વે અવતારો એમના સંબંધથી શુદ્ધ, ચૈતન્યબ્રહ્મ થઈ આત્યંતિક મુક્તિને પામે છે. એવા એ મૂળજી સર્વનું કારણ શુદ્ધ ચૈતન્યબ્રહ્મ છે...' સાકરબાને તો જાણે આજે અમૃતની હેલી વરસતી હોય તેમ લાગ્યું. તેમની આંખોમાંથી દડ દડ આંસુ ચાલવા લાગ્યાં. તેમણે મહારાજને કહ્યું : 'અહો મહારાજ ! મારો મૂળજી આવો મોટો હશે તેની અમને માયાવી જીવને શી ખબર પડે ? અમે તો મોહ પામીને મૂળજીને પુત્ર જાણી કેટલીય વાર તેને વઢી તેમની પાસે સેવા કરાવતાં. હવે એ બધાં પાપમાંથી અમે ક્યારે છૂટશું ?' શ્રીજીમહારાજે તેથી તેમને કહ્યું : 'મા ! તમારા મહાસમર્થ પુત્ર મૂળજીના સંબંધે તમારું તો કલ્યાણ થઈ ગયું તો પાપ ક્યાંથી રહે ? તમારા મૂળજીમાં અનેક કલ્યાણકારી ગુણો છે, છતાં પોતે ગુણથી પર છે. ભાવાર્થઃ- પરબ્રહ્મ જ બ્રહ્મનો મહિમા જાણતા હોવાથી યથાર્થ મહિમા સમજાવી શકે. સાક્ષાત્ બ્રહ્મ - સાક્ષાત્ બ્રહ્મની ઓળખાણ પરબ્રહ્મ સિવાય કોઈથી થઈ શકે નહિ.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૫/૧૩,૧૪)   ૨. ૧, ૨ (૪૭/૭૫)   ૩. ૩, ૪ (૨૬/૪૬)   ૪. ૧, ૩, ૪ (૨૧/૩૯)

❑ ❑ ❑